શહેરમાં મેઘરાજાની પધરામણી સાથે બિલાડીની ટોપ ઉગી નીકળી

છત્રી જેવા દેખાતા આ બિલાડીના ટોપ એ જંગલી મશરૂમ છે અને ફંગસનું એટલે કે ફૂગનું એક રૂપ છે

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં મેઘરાજાની પધરામણી થતા રસ્તાની આજુબાજુ સફેદ, કથ્થઈ કે અન્ય રંગના છત્રી જેવા આકારના 'બિલાડીના ટોપ' ઊગેલા જોવા મળી રહ્યાં છે.હકીકતમાં છત્રી જેવા દેખાતા આ બિલાડીના ટોપ એ જંગલી મશરૂમ છે અને ફંગસનું એટલે કે ફૂગનું એક રૂપ છે. આ ફૂગ એ વનસ્પતિ નથી, પણ એક પ્રકારનો સૂક્ષ્મજીવ છે.

બિલાડીના ટોપની મોટાભાગની જાતિઓ લાકડા પર અને ઘાસનાં મેદાનોમાં થાય છે. સમગ્ર વિશ્વમાં તેની લગભગ ૩,૩૦૦ જેટલી જાતિઓ થાય છે. તે ક્લૉરોફિલરહિત હોય છે અને તેમની આસપાસ રહેલી જીવંત કે કોહવાતી વનસ્પતિઓમાંથી પોષક દ્રવ્યોનું શોષણ કરી પોષણ મેળવે છે.

ચોમાસુ આવે ને હરિયાળીની

સાથે બીજું કેટકેટલું જોવા મળે. શહેરમાં ખાલી મેદાનમાં ઠેર ઠેર 'બિલાડીના ટોપ' ઉગેલા જોવા મળી રહ્યાં છે. આ જોઈને અમુક લોકો તેને વનસ્પતિ માનવાની ભૂલ કરી બેસે છે. બિલાડીનો ટોપ એ વનસ્પતિ નહીં પણ એક પ્રકારની ફૂગ ગણાય છે. તેને અંગ્રેજીમાં ફંગઈ (Fungi) કહેવાય છે. બિલાડીનો ટોપ તમે જોયો હશે કે તેના વિશે થોડું ઘણું જાણતા હશો. બિલાડીના ટોપ પોતાનો ખોરાક જાતે તૈયાર કરી શકતા નથી એટલે વૈજ્ઞાનિકો તેને વનસ્પતિ નથી ગણતા. કારણ કે તે પોતાના ખોરાકનો આધાર અન્ય સજીવ પર રાખે છે.

મશરૂમનું નામ તમે જરૂર સાંભળ્યું હશે. મશરૂમ વિવિધ પ્રકારના હોય છે. તેમાંથી કેટલાક મશરૂમ ખાઇ શકાય તેવા હોય છે તો કેટલાક જંગલી હોય છે. જંગલી મશરૂમનો ઉપયોગ ભોજનમાં ક્યારેય થતો નથી. જંગલી મશરૂમ અતિ ઝેરીલા હોય છે. ખાઇ શકાય તેવા બિનઝેરી મશરૂમમાંથી અવનવી વિદેશી સ્વાદિષ્ટ વાનગીઓ બને છે. તેમાંથી મશરૂમ સૂપ અને મશરૂમ પિઝા ખૂબ લોકપ્રિય બન્યા છે. મશરૂમ જેવી જ ખાઇ શકાય એવી અન્ય એક ફૂગ ટોડસ્ટૂલ્સ છે. ટોડસ્ટૂલ્સ પણ વિવિધ પ્રકારની જોવા મળે છે.

લીલાશ પડતી રુંવાટી જેવી ફૂગ 'ફરી બ્લોબ્સ' તરીકે ઓળખાય છે. આ પ્રકારની ફૂગ ખાસ કરીને ફળ ઉપર અને ચીઝ પર જોવા મળે છે. ફૂગનો આ પ્રકાર મોલ્ડ તરીકે જાણીતો છે. વનસ્પતિનો બીજકણ ફૂગ બીજ કે પરાગરજ ઉત્પન્ન કરતી નથી. તે સૂક્ષ્મ બીજકણ ઉત્પન્ન કરે છે. આ બીજકણ પવન દ્વારા આસપાસની જમીન પર ફેલાય છે. આ સ્પોઅરમાંથી અન્ય ફૂગ ઊગી નીકળે છે. ફૂગના બીજકણો અતિ સૂક્ષ્મ હોય છે. તેને નરી આંખે જોઈ શકતા નથી. આને જોવા માટે શક્તિશાળી માઇક્રોસ્કોપનો (સૂક્ષ્મદર્શક યંત્ર) ઉપયોગ કરાય છે. કેટલીક ફૂગ ખૂબ ઉપયોગી છે. યીસ્ટ નામે ઓળખાતી ખાદ્ય ફૂગનો ઉપયોગ બ્રેડ બનાવવામાં થાય છે. અમુક પ્રકારની અન્ય ફૂગનો ઉપયોગ દવાદારૂ બનાવવામાં કરાય છે.

ડાંગના આદિવાસીઓ પ્રિય ખોરાક 'આળીમ' મેળવવા જંગલો ખુંદે છેઃ

ડાંગ જિલ્લાના આદિવાસીઓ હાલના સમયમાં દેશી મશરૂમને શોધવા નીકળે છે કે કયા સ્થળ ઉપર કુદરતી રીતે કુદરતની અનમોલ ભેટ આળીમ શોધવી એ પણ એક લ્હાવો હોવાથી આદિવાસી પરિવારજનો તેને શોધતા હોય છે. હાલ કૃષિ ક્ષેત્રે આવેલા પરિવર્તન માં મશરૂમની ખેતી ખેડૂતો માટે લાભદાયી ગણાઈ રહી છે જેના કારણે હાલ આદિવાસી ખેડૂતો પણ મશરૂમની ખેતી તરફ જોતરાયા છે જેમાં આધુનિક યુગમાં મશરૂમની અનેક વાનગીઓની બોલબાલા વધી રહી છે પરંતુ ડાંગમાં કુદરતી રીતે ઉગતી અતિ દુર્લભ આળીમનો સ્વાદ નસીબદારને જ મળતો હોય છે કે જેને ઉગાડવા કે ખાતર તાપમાનની જરૂર હોતી નથી કુદરતી રીતે જ તે ઉગી નીકળે છે.

આદિવાસી વિસ્તારોમાં ચોમાસાની ઋતુમાં આજીવિકાનું સાધનઃ

બજારમાં મશરૂમ નું ચલણ વધ્યું છે અને તેના પ્રમાણમાં ઉત્પાદન નું પ્રમાણ ઘણું નીચું છે જેથી મશરૂમની ખેતી નફાનો ધંધો ગણાય. ત્રણ પ્રકારના મશરૂમની ખેતી કરવામાં આવે છે જેમાં બટન મશરૂમ, ઓઈસ્ટર મશરૂમ અને મિલ્કી મશરૂમ પૈકી આદિવાસી વિસ્તારોમાં થતી મશરૂમ ને આળીમ કહેવામાં આવે છે.ચોમાસાની ઋતુમાં વરસાદી માહોલ માં ભેજવાળા વિસ્તારમાં સ્વયંભૂ ઉગી નીકળતી ફુગજન્ય મશરૂમ હવે આદિવાસી વિસ્તારોમાં બજારોમાં વેચાશે.

પ્રાકૃતિક પેદાશોના માર્કેટિંગમાં સહકાર આપવા સહકારી ક્ષેત્રના આગેવાનોને રાજ્યપાલની અપીલ

દરેક પરિવાર પાસે ફેમિલી ડોક્ટર હોય છે એમ પ્રાકૃતિક ફેમિલી ખેડૂત પણ હશે તો ફેમિલી ડોક્ટરની જરૂર ઓછી પડશે : આચાર્ય દેવવ્રતજી : ગાંધીનગર-રાજભવનમાં સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં કાર્યરત સહકારી સંગઠનો, દૂધ ઉત્પાદક સંઘો, સહકારી ખાંડ ઉત્પાદન સંગઠનો અને સહકારી ક્ષેત્રના આગેવાનો પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ અને માર્કેટ વ્યવસ્થાપનમાં સહયોગ કરશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સહકારી ક્ષેત્રના આગેવાનોને અપીલ કરતાં કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના માર્કેટિંગમાં સહકારી ક્ષેત્રનો સહયોગ મળશે તો આ ઈશ્વરીય કાર્યને વધુ વેગ મળશે. સહકારી આગેવાનોએ રાજ્યપાલશ્રીની આ અપીલને એકી અવાજે વધાવી લીધી હતી. ગાંધીનગર-રાજભવનમાં આજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ અને સહકારી અગ્રણી શ્રી શંકરભાઈ ચૌધરી, અમુલ - ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અધ્યક્ષ શ્રી શામળભાઈ પટેલ, સહકારી ખાંડ ઉત્પાદક સંઘના અધ્યક્ષ અને પૂર્વ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, ખેતી બેંકના અધ્યક્ષ શ્રી ડોલરભાઈ કોટેચા ઉપરાંત દોઢથી બે કરોડ નાગરિકોનું નેતૃત્વ કરતા સહકારી આગેવાનોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દરેક પરિવાર પાસે પોતાના ફેમિલી ડોક્ટર હોય છે એમ પ્રાકૃતિક ફેમિલી ખેડૂત પણ હશે તો ફેમિલી ડોક્ટરની જરૂર ઓછી પડશે. ઘર,પરિવાર, સ્નેહીજનો અને સમાજને પ્રાકૃતિક ખેત પેદાશોનો જ ઉપયોગ કરવા પ્રેરિત કરવા તેમણે સહકારી આગેવાનોને અનુરોધ કર્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ દેશ અને રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન વધુ વેગવાન અને પરિણામદાયી બને એ માટે સતત માર્ગદર્શન અને સહયોગ આપી રહ્યા છે. ગુજરાતમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે, એટલું જ નહીં વધુને વધુ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતીથી વરસાદી પાણી જમીનમાં ઉતરે છે એટલે પૂર સામે રક્ષણ મળે છે અને દુષ્કાળના સમયમાં ભૂમિગત ભેજથી જ ખેતી કરી શકાય છે એટલે દુષ્કાળ સામે પણ સુરક્ષા મળે છે. પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાયનું ગોબર, ગૌમૂત્ર અને ગોળ-બેસન તથા માટી જેવી ખેડૂતો માટે આસાનીથી ઉપલબ્ધ સામગ્રીની જ જરૂર પડે છે, એટલે ખેત ઉત્પાદન ખર્ચ ઓછો આવે છે, ખેડૂતની મહેનત પણ ઓછી થાય છે છતાં ઉત્પાદન અને ગુણવત્તા બંને વધે છે. ભૂમિગત જળસ્તર ઊંચું આવે છે. પર્યાવરણ બચે છે. ગૌમાતાની રક્ષા થાય છે. જમીનની ગુણવત્તા સુધરે છે અને લોકોને ઝેરમુક્ત-સ્વાસ્થ્યપ્રદ પેદાશો મળે છે. પ્રાકૃતિક ખેતી કરતા થઈશું તો આપણે આપણી આવનારી પેઢીને કંઈક આપી શકીશું. તેમણે તમામ આગેવાનોને પ્રાકૃતિક આહાર જ આરોગવા અનુરોધ કર્યો હતો. રાસાયણિક ખેતીના દુષ્પરિણામો, જૈવિક ખેતી-ઓર્ગેનિક ખેતીથી થતા નુકસાન અને ઓર્ગેનિક ખેતી અને નેચરલ ફાર્મિંગ (પ્રાકૃતિક ખેતી) વચ્ચેના તફાવત તથા પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ વિશે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિસ્તૃત સમજણ આપી હતી. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશ અને રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ પણ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. આત્માના ખાસ ફરજ પરના અધિકારી શ્રી દિનેશભાઈ પટેલે સ્વાગત ઉદ્બોધન કર્યું હતું અને આત્માના નિયામક શ્રી પ્રકાશભાઈ રબારીએ સૌનો આભાર માન્યો હતો.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા જ્ઞાનપીઠ વિજેતા ઉમાશંકર જોષીની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સાહિત્યસભા અને IITE, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમેદ્વારા તારીખ ૨૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક અને જ્ઞાનપીઠ વિજેતા કવિ શ્રી ઉમાશંકર જોશીની ૧૧૩ મી જન્મજયંતી નિમિત્તે ' સમષ્ટિના સર્જક : શ્રી ઉમાશંકર જોશી' નામે એક કાર્યક્રમનું આયોજન IITE, ગાંધીનગરના ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકો, સાહિત્યના ભાવકો, સર્જકો, અધ્યાપકો અને ગુજરાતી વિષય લઈને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં ' શ્રી ઉમાશંકર જોશીની કાવ્યસૃષ્ટિ' એ વિષય પર ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડો. ઉષાબેન ઉપાધ્યાયે જ્ઞાનસમૃદ્ધ અને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તો ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પ્રોફેસર નિસર્ગ આહીરે ઉમાશંકરની વાર્તાસૃષ્ટિ પર ઉત્તમ વ્યાખ્યાન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉમાશંકર જોશીના સમર્થ અનુગામી કવિ, વાર્તાકાર અને ગાંધીનગરના પીઠ સાહિત્યકાર શ્રી હરિકૃષ્ણ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અધ્યક્ષીય પ્રવચનમાં શ્રી ઉમાશંકર જોશી સાથેના સંસ્મરણો વાગોળ્યા હતાં અને કેટલાક પ્રસંગો દ્વારા ઉમાશંકરના વ્યક્તિત્વને ઉપસાવી આપ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ શ્રી રમેશ ઠક્કર, ઉપાધ્યક્ષ શ્રી પ્રતાપસિંહ ડાભી IITE, ગુજરાતી વિષયના અધ્યાપક તથા કાર્યક્રમ સંયોજક અર્ચનાબેન પટેલ અને કારોબારી સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્યસભાના મહામંત્રી ડો. સંજય પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ગુજરાતી ભાષા-સાહિત્યના એક ઉત્તમ સર્જકને શબ્દ દ્વારા શ્રદ્ધાંજલિ આપવાના આ કાર્યક્રમને ઉત્તમ સફળતા પ્રાપ્ત થઈ હતી.

સેક્ટર-૫ કલેહર મંદિરની આસપાસની ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહજી ગોલ, વોર્ડ પ્રમુખ કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી તેમજ અન્ય કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રવિવારે ધી અંબર કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા. ૨૧

ધી અંબર કો.ઓ.ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી ગાંધીનગર ની ૩૩ મી વાર્ષિક સાધારણ સભા ની બેઠક તા. ૨૩-૭-૨૦૨૩ રવિવાર ના રોજ સવારે ૯.૩૦ વાગે રામજી મંદિર, સેક્ટર ૩/ડી ખાતે રાખ્યું છે.જેમા એજન્ડા મુજબ નું કામકાજ હાથ ધરવામા આવશે.તો મંડળી ના સૌ હોદેદાર ,માનવંતા સભાસદો એ સમયસર હાજર રહેવા મંડળીની વ્યવસ્થાપક કમિટિ વતી ઉપપ્રમુખ કે આઈ પટેલ એડવોકેટ એ જણાવ્યું હતું.

જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા હરિદ્વાર ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા માટે લાલા (કૃષ્ણ ભગવાન)ની મૂર્તિ લઈને આયોજન સમિતિના ૧૨ હોદેદારોના પ્રથમ ગૃપે યોગા એક્સપ્રેસમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશનથી પ્રસ્થાન કર્યું.

શહેરમાં અધિક શ્રાવણ માસમાં ભક્તિમય માહોલ

આનંદ ગરબા મંડળ દ્વારા ઘરે ઘરે આનંદના ગરાબ યોજાઈ રહ્યા છે અને મંદિરોમાં ભજન કીર્તનની ધૂન સાથે ભક્તિમય વાતાવરણ છવાયું

ગાંધીનગર, તા. ૨૧

હિન્દુ ધર્મમાં પુરુષોત્તમ માસને અધિક માસ કહેવાય છે અને શાસ્ત્રો અનુસાર અધિક માસમાં પૂજા-દાન કરવાથી અક્ષય પુણ્યની સાથે સાથે ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે.અધિક શ્રાવણ માસ ના આરંભ સાથે શહેરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.શહેરના મંદિરોમાં ભજન મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં ભજન કીર્તન કરીને ભક્તિમય વાતાવરણ છવાઈ જાય છે.શહેરીજનો ઘરે પણ આનંદ ના ગરબા નું આયોજન કરે છે ભજન મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન દરેક સેકટર માં થઈ રહ્યું છે દરરોજ બપોરે આનંદ ના ગરબા ની ધૂન વાગતી સંભળાય છે. શહેરમાં શ્રદ્ધાળુઓ ભગવાન ની ભક્તિમાં લિન

બન્યા છે.આગામી દિવસો માં અધિક શ્રાવણ માસ ની સમાપ્તિ બાદ શ્રાવણ માસ નો આરંભ થઈ રહ્યો છે ત્યારે શિવાલયો માં ભક્તિનું ઘોડાપૂર જોવા મળશે.જો કે હાલમાં પણ શિવાલયો માં ભક્તો ની ભીડ વધી છે ઘણા લોકોએ અધિક શ્રાવણ માસ ના ઉપવાસ રાખ્યા છે. જેઓ દર્શન માટે મંદિરે જઈ રહ્યા છે.હાલમાં અન્ય કોઈ શુભ કાર્યો કરવામાં આવતા નથી માત્ર લોકો ભગવાન ની ભક્તિમાં વ્યસ્ત થઈ જાય છે.મંદિરોમાં હિંડોળા ઉત્સવ પણ શરૂ છે તેથી ભગવાનના સુંદર મજાના શણગાર ના દર્શન નો લાભ ભક્તો લઈ રહ્યા છે.મંદિરોમાં સવાર સાંજ પૂજા-પાઠ, ધ્યાન, ભજન, કીર્તન થઈ રહ્યા છે.લોકો આ દિવસોમાં વ્રત અને ઉપવાસ કરે છે જેથી બજારમાં ફરાળી વાનગીઓ ની પણ ખૂબ બોલબાલા છે.પૂજા માટે વપરાતી સામગ્રીઓ ની ખરીદીમાં પણ આ અધિક શ્રાવણ માસ દરમિયાન વધારો નોંધાયો છે.સાથે જ ફૂલો ની ખરીદી વધી છે અને ભાવ પણ વધ્યા છે.વેપારીઓ શાકભાજી ની લારીઓ મૂકીને ફૂલો નું વેચાણ કરતા થયા છે.આ દિવસોમાં શાકભાજી ની ખરીદી ઓછી થતાં વેપારીઓ અન્ય ધંધા તરફ વળ્યા છે. સામાન્ય રીતે અધિક માસમાં વ્રત-ઉપવાસ, પૂજા-પાઠ, ધ્યાન, ભજન, કીર્તન, મનનને પોતાની જીવનચર્યા બનાવે છે. પૌરાણિક સિદ્ધાંતો અનુસાર આ મહિના દરમિયાન યજ્ઞ-હવન સિવાય શ્રીમદ્ દેવીભાગવત, શ્રી ભાગવત પુરાણ, શ્રી વિષ્ણુ પુરાણ, ભવિષ્યોત્તર પુરાણ વગેરેને શ્રવણ, પઠન, મનન વિશેષ રીતે ફળદાયી સાબિત થાય છે. અધિક માસના અધિષ્ઠાતા ભગવાન વિષ્ણુ છે, એટલા માટે આ માસમાં વિષ્ણુ મંત્રોનો જાપ વિશેષ લાભદાયી થાય છે. અધિક માસમાં વિષ્ણુ મંત્રનો જાપ કરનાર સાધકોને ભગવાન વિષ્ણુ સ્વયં આશીર્વાદ આપે છે, તેમનાં પાપને નાશ કરે છે અને તેમની બધી ઈચ્છાઓ પૂર્ણ કરે છે.